Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



SHRI ATMANAND PRAKASH

## વ્રત અને ચારિત્ર

વ્રત આચરવાથી દેહનું સારી પેઠે દમન થાય છે, દેહ ને કષ્ટ આપી તેને સંયમમાં રાખવાનું તેથી સહેલું બને છે. પણ સમજવું જરૂરી એ છે કે દેહ તો મનને અધીન છે. જો આપણું મન આપણા કાબૂમાં ન આવે તો દેહને ગમે તેટલું કષ્ટ આપ્યું હોય તે છતાં તે દેહ આપણા મનને વશ વર્તવા મંડશે. જેને દમવાની ખાસ જરૂર છે તે છે આપણું મન. કારણ કે મનના દમન વડે જ તે પવિત્ર થાય છે અને તેથી પરિણામે મનુષ્ય ચારિત્રસંપન્ન બને છે. ખોટું બોલવું, છેતરવું અને ધંધામાં આગળ વધી કે સમાજમાં ફક્કડ ફરીને કડક વ્રતોનું આચરણ કરવું તે ચારિત્ર નથી પણ દેહને કષ્ટ આપનારાં વ્રત ન કરવા છતાં સાચું બોલવું, બીજાને આપત્તિમાં મદદરૂપ થવું અને પ્રભુના અનન્ય ઉપાસક થવું એ ચારિત્ર છે, પોતાને અને સમાજને એ જ ખરું ઉપયોગી છે.

—પારાશર્ય

પુસ્તક ૫૯
અંક ૮

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

જેઠ
સં. ૨૦૧૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧ તૃષ્ણા | | ૯૭ |
| ૨ ભો બગલા ? | સાહિત્યચન્દ્ર બાલચંદ હીરાચંદ | ૯૮ |
| ૩ ઉના | મુનિ વિશાળવિજયજી | ૧૦૦ |
| ૪ ચોથી દીપ્રા દ્રષ્ટિની સજ્ઝાય | ડૉ. વલ્લભદાસ નેણસીભાઈ | ૧૦૪ |
| ૫ સ્વરાજ્ય ? | સાહિત્યચન્દ્ર બાલચંદ | ૧૦૯ |
| ૬ સમાજ સેવાના માર્ગે | અલબર્ટ સ્વીઝ | ૧૦૬ |


## વાર્ષીક ઉત્સવ

આ સભાનો ૬૬ મો વાર્ષિક ઉત્સવ શ્રી તાલધ્વજગિરિ ઉપર જેઠ સુદી ૧ ને રવિવાર તા-૩-૬-૬૨ ના રોજ ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે સવારમાં શ્રી તાલધ્વજગિરિ ઉપર સ્વ. શેઠ શ્રી મુળચંદભાઈ નથુભાઈ તરફથી શ્રી પાર્શ્વનાથ પંચ કલ્યાણક પુજા રાગ રાગણીથી ભણાવવામાં આવી હતી તેમજ સ્વ. વોરા હઠીસંગ ઝવેરભાઈ તરફથી મળેલી આર્થિક સહાય તથા તેમના ધર્મપત્ની હેમકુંવર બહેને આપવાની રકમના વ્યાજવડે સભાસદબંધુઓનું તથા અન્ય સર્વે યાત્રિક ભાઈઓનું સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું આ શુભ પ્રસંગે ભાવનગરથી પેટ્રનો તથા સભાસદ બંધુઓએ ઘણી સારી સંખ્યામાં લાભ લીધો હતો.

---

## આચાર્ય શ્રી વીજયઉમંગસુરીજી મ૦ નો સ્વર્ગવાસ


પૂ. આ. શ્રી વિજય વલ્લભસુરિજી મ. ના પટ્ટધર આચાર્ય શ્રી વિજય ઉમંગસૂરિજી મ. વૈશાક વદી ૧ તા ૨૦મીના રોજ દેવલોક પામ્યા છે. તેઓશ્રી કેટલાક સમયથી બિમાર રહેતા હતા. અને સાબરમતી ખાતેના જૈન મંદિરમાં આરામ ફરમાવતા હતા. બચપણથી જ આચાર્યશ્રીમાં ધાર્મિક સંસ્કાર જાગૃત હતા અને વૈરાગ્ય ભાવનામાં લીન રહેતા હતા યુવાવસ્થામાં આ. શ્રી વિજયવલ્લભસૂરીજીના સૌથી મોટા શિષ્ય બન્યા હતા. આ.શ્રી એ પોતાના ગુરુ તથા દાદા ગુરૂની જીવન પર્યંત ખુબ જ સેવા બજાવી હતી અને એમની યાદમાં ઉપદેશ આપી શ્રી આત્મવલ્લભ જૈન જ્ઞાન મંદિર શરૂ કરાવ્યું હતું ને આજ ત્યાં એ એમનો સ્વર્ગવાસ થયો. શાસનદેવ આચાર્યશ્રી ના આત્માને શાંતિ બક્ષે એજ પ્રાર્થના

આચાર્ય શ્રી નો ફોટો તથા ટુંક જીવન ઝરમર આવતા અંકે લેવામ આવશે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




વર્ષ ૫૯મું ] જેઠ તા. ૭-૬-૬૨ [ અંક ૮

# તૃષ્ણા

હસ્તિનાપુરના સમ્રાટ યયાતિ એક અત્યંત વિલાસપ્રિય રાજવી હતા. પોતાના પુત્ર પૂરુનું યૌવન માગી લઈ પોતે એક હજાર વર્ષ સુધી ભોગવિલાસમાં રચ્યાપચ્યા રહ્યા, પરંતુ પોતાને તૃપ્તિ થઇ નહીં. આ સમયે તેમને સત્ય જ્ઞાનનું દર્શન થયું.

न जातु कामः कामाना
मुपभोगेन शाम्यति ।
हविषा कृष्णवर्त्मेव
भूय एवोपर्धते ॥

ભોગો ભોગવવાથી કામની તૃપ્તિ થતી નથી. ઊલટું અગ્નિમાં આહૂતિ હોમવાથી તે જેમ વિશેષ પ્રજ્વલી ઊઠે છે, તેમ જ ભોગો ભોગવવાથી ભોગવૃત્તિ વિશેષ ઉત્તેજિત બને છે.

यत्पृथिव्यां व्रीहियवं
हिरण्यं पशवः स्त्रियः ।
एकस्यापि न पर्याप्तं
तस्मात् तृष्णां परित्यजेत् ॥

આ પૃથ્વીમાં જેટલું અનાજ, જેટલું સોનું, જેટલાં પશુઓ અને જેટલી સ્ત્રીઓ છે તે સર્વે એક વ્યક્તિની તૃષ્ણા સંતોષવા પૂરતાં નથી. માટે સૌથી ઉત્તમ ઉપાય એજ છે કે તૃષ્ણાનો પરિત્યાગ કરવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભો બગલા !

( મદિરા છંદ )

ભો બગલા ? તુજ અંગ ધવલ છે પાંખ ધવલ તારી શોભે
ઉજળું તારૂં મુખ આકૃતિ જે હંસસમી જનમન લોભે
એક પગે ઉભો રહી આંખો નિમ્ન કરી રહેતો ધ્યાને
નદી કિનારે મૌન ધરે તું યોગી ભાસે સહુ જનને ૧

સાધુ માનતા તુજ વિશ્વાસે મત્સ્ય સમિપ તાહરા આવે
મલિન પંક નિજ અંગ ધરી કઈં કૃમિકીટક નમતા ભાવે
કપટરહિત ભોળા જીવોને ઠગવા શું તું સ્વાંગ સજે
જ્ઞાની તુજ વંચકતા રહેજે જાણી ગયા તે નહીં ભજે ૨

ઉપરથી તું ધોળો છે પણ અંદરથી કાં શ્યામ રહ્યો ?
કાળો ધોળો મેળ ન મળશે વંચક તુજને એમ કહ્યો
વેશ સજે કોઇ ભલે સંતનો તેથી શું એ સંત બને ?
બાહ્યાભ્યંતર શુચિતા ધારે તેજ ગવાયે સંત જને ૩

સાધુ ગણાવી નિજને સજવો સ્વાંગ સાધુનો લેઇ ફરવું
હિંસા કરવી સ્વભાવ તારો શવથી પેટ સદા ભરવુ
બકને ઠગ સહુ જનતા બોલે વંચકતા છુપાઇ રહે
પિત્તલ થાય ન કનક કદીએ જોપણ પીળો રંગ વહે ૪

સુણ બકા મારી હિતશિખ સારી, તજ હિંસા ને કપટ સહુ
માન તાહરૂં વધશે જનમાં ઉજવલતા તુજ વધે બહુ
ભો બગલા ! જો કૂડ કપટનું હૃદય કરે ઉજવલ રૂડું
હંસ તને સજ્જન સહૂ ગણશે નામ જશે તારૂ કૂડું ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ભો બગલા !

મહંત હું છું સંત ખરો છું વડાઇ બકતો નિજ મુખથી
તે ન બને સજજન વા સાધુ મનમાં જાણો એહ નકી
ઉપરથી ધોતાં સાબુથી અંતરંગ શું શ્વેત બને ?
કાળુ કદી નહીં બનશે ધોળું નિજ નિજ કર્મ ગણો એને ૬

કૂડ કપટ હિંસા કરવાથી બકને ઠગ માને જનતા
બોધ તારવો બકના ગુણથી ધરવી મનમાં બહુ સમતા
ઉપર ધોળો અંદર કાળો અલ્પ કાળ જગ ઠગવાનો
સદા છુપાઇ રહે ન અંતર પ્રગટ થાય અવગુણ એનો ૭

વંચક ઠગથી દૂરજ રહીએ એમાં સાર્થક જીવનનું
મત્સ્યસમા ભોળા નહીં બનવું નહીં તો પ્રાણુજ હરવાનું
આત્મ સાક્ષિએ ધર્મ ભાવિએ શબ્દ જાલમાં નહીં ફસવું
બાલેન્દુ કહે સાચું નાણું ખણુખણુ વગડાવી લેવું ૮

(કવિ- સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ)

अनुसरति करिकपोलं भ्रमर: श्रवणेन ताड्यमानोऽपि ।
गणयति न तिरस्कारं दानान्धविलोचनो नीच: ॥

### રૂચિરા છંદ

હાથીના કર્ણોની ભમરા ઉગ્ર ઝાપટો ખાયે રે,
તો પણ તેની પાછળ પાછળ મદ મેળવવા જાય રે;
એવી રીતે દાન લોભમાં અંધ થયેલા પ્રાણી રે,
તિરસ્કારને ન ગણે જરીયે સિદ્ધ વાત એ જાણી રે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉના

લેખક:—મુનિ મહારાજશ્રી વિશાળવિજયજી

( ગતાંક નં. ૭ પૃ. ૮૬ થી ચાલુ )

## ગુરુ તીર્થ

આચાર્ય શ્રી હીરવિજયસૂરિ છેલ્લી વાર પાટણથી મોટા સંઘ સાથે પાલીતાણા આવ્યા ત્યારે ઉના, દીવ, ઘોઘા, રાધનપુર, ગંધાર વગેરે ગામ–નગરોના ૭૨ સંઘો અને બે લાખ માણસો પાલીતાણામાં એકત્રિત થયા હતા.

આચાર્યશ્રી પાલીતાણામાં કેટલાક દિવસ સ્થિર રહ્યા. એ સમયે ઘણા ગામોના શ્રીસંઘો એમને પોતાના ગામમાં ચતુર્માસ વીતાવવા વિનંતી કરવા લાગ્યા. એ સમયે દીવ અને ઉનાના રહીશ પારેખ મેઘજી તથા તેમનાં ધર્મપત્ની શ્રાવિકા લાડકીબાઈ આચાર્યશ્રીને ઉનામાં ચતુર્માસ વીતાવવા માટે વિનંતી કરતાં કહેવા લાગ્યાં; 'મહારાજ! આપે અનેક સ્થળે ચતુર્માસ નિર્ગમીને, અજ્ઞાન અંધકારને દૂર કરી જ્ઞાનનો પ્રકાશ પાડ્યો છે; જ્યારે અમે તો ભોંયરા જેવા ગાઢ અંધકારમાં પડેલા છીએ. તો આ વખતે અમારે ત્યાં ઉનામાં ચતુર્માસ રહીને જ્ઞાનનો પ્રકાશ ફેલાવશો તો આપનો અનહદ ઉપકાર થશે.'

આમ કહી ખોબા પાથરીને એમણે અરજ કરવા માંડી. આ દંપતીની અતિ ઉત્કૃષ્ટ ભક્તિ જોઈ અને એ તરફના પ્રદેશની વાસ્તવિક સ્થિતિ જાણીને મહારાજશ્રીએ ઉનામાં ચતુર્માસ વીતાવવાનો નિર્ણય જાહેર કર્યો.

જ્યારે આચાર્યશ્રીએ પાલીતાણાથી ઉના તરફ વિહાર કર્યો ત્યારે દીવનો શ્રીસંઘ પણ સાથે હતો. તેઓ દાઠા, મહુવા થઈને દેલવાડા આવ્યા. દેલવાડાથી તે બધા અજારા તીર્થમાં આવ્યા. એ સમયે દીવનો શ્રીસંઘ પણ અજારાના ઉપાશ્રયમાં તેમને વંદન કરવા આવ્યો.

આચાર્યશ્રી દીવના શ્રીસંઘ સાથે દીવ આવ્યા અને ત્યાંથી ઉના આવ્યા.

આચાર્યશ્રીનું સ્વાગત કરવા લોકોએ આખા ગામને શણગાર્યું, બહેનોએ આચાર્યશ્રીને સાચા મોતીથી વધાવ્યા. ઠેર ઠેર ગહુંળીઓ કાઢવામાં આવી, આચાર્યશ્રીએ ટૂંકો ઉપદેશ આપી ઉનાના ઉપાશ્રયમાં પ્રવેશ કર્યો.

ચતુર્માસ દરમિયાન ઉપધાન વગેરે ક્રિયાઓ શરૂ થઈ, કેટલાયે ભક્તોએ બ્રહ્મચર્યની બાધાઓ લીધી અને કેટલાકે બાર વ્રતનો સ્વીકાર કર્યો.

આ ચતુર્માસમાં આચાર્યશ્રીના હાથે ત્રણ પ્રતિષ્ઠાઓ થઈ હતી. તે પૈકી એક પારેખ મેઘજીએ, બીજી લખરાજ રુડાએ અને ત્રીજી પ્રતિષ્ઠા લાડકીબાઈ શ્રાવિકાની માતા તરફથી કરવામાં આવી હતી.

અત્યારે જ્યાં શ્રી હીરવિજયસૂરિ મ., શ્રી વિજયસેનસૂરિ મ. તથા શ્રી વિજયદેવસૂરિ મહારાજની મૂર્તિઓ પધરાવવામાં આવેલ છે ત્યાં એક મોટો ઉપાશ્રય હતો, જ્યાં શ્રી હીરવિજયસૂરિ ચતુર્માસ રહ્યા હતા. આ ઉપાશ્રયમાં શ્રી હીરવિજયસૂરિ મહારાજના સમયમાં આઠમ અને ચૌદશના દિવસે ૮૦૦ જેટલા માણસો પૌષધ કરતા હતા.

આ હકીકતથી એ વખતે અહીં શ્રાવકોની વસ્તી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેટલી હશે, ઉપાશ્રયો અને મંદિરો વગેરે કેટલાં હશે તેનું અનુમાન થઇ શકે એમ છે.

આચાર્યશ્રીના ચતુર્માસ દરમિયાન બંકાર શેઠે પોતાની લક્ષ્મીનો ધર્મમાર્ગમાં સદ્‌વ્યય કરીને શ્રી હીરવિજયસૂરિ પાસે દીક્ષા લીધી. એ સમયે ઉપધાન — માળારોપણ વગેરે ઉત્સવો વારંવાર થયા હતા.

(સૂરીશ્વર અને સમ્રાટ, પૃ. ૨૧૭)

શ્રી હીરવિજયસૂરિનો અંતિમ કાળ હતો. તેઓ બિમારીમાં સપડાયા. માંદગી ભયંકર હોવા છતાં તેઓ દવા લેવાની ના પાડતા હતા. આ વાતની ઉનાના શ્રી સંઘને ખબર પડી. જૈન સમુદાય એકઠો થઇને આચાર્યશ્રી પાસે આવ્યો અને દવા લેવાને વિનંતી કરી, એટલું જ નહિ આવી અવસ્થામાં દવા ન લેવાય ત્યાં સુધી શ્રી સંઘે ભોજન ન કરવાનો નિર્ણય લીધો, અને ઉપવાસ કરીને ઉપાશ્રયમાં બેસી રહેવાની પ્રતિજ્ઞા લેવા બેઠો. શ્રાવિકાઓએ પણ ગુરુ મહારાજ દવા ન લે ત્યાં સુધી પોતાનાં બાળકોને સ્તનપાન ન કરાવવાની પ્રતિજ્ઞા લેવાનો નિર્ણય કર્યો.

સંઘની આવી ઉત્કૃષ્ટ ભક્તિ જોઇને પં. સોમવિજયજી ઉપાધ્યાયે આચાર્યશ્રીને ઉપરની હકીકત જણાવી. આચાર્યશ્રી આકરી કસોટીમાં મુકાયા. તેમણે વસ્તુસ્થિતિ પારખીને જણાવ્યું:' હું શુદ્ધ અને નિર્દોષ દવા લઇશ.'

(સૂરીશ્વર અને સમ્રાટ, પૃ. ૨૧૮)

આચાર્યશ્રીએ સંઘની વિનંતીથી દવા લીધી, પણ તેમનો અંતિમ કાળ હતો. દવાના ઉપાયો નકામા હતા. પ્રભુના નામનો જાપ એમના માટે ઉત્તમ દવા હતી.

આચાર્યશ્રી સં. ૧૬૬૨ના ભાદરવા સુદિ ૧૧ ના રોજ નવકારવાળી ગણતાં ગણતાં કાળધર્મ પામી ગયા. એ દિવસે સાધુઓએ અઠ્ઠમની તપસ્યા કરી, જ્યારે શ્રાવક, શ્રાવિકા અને બાળકોએ ઉપવાસ કર્યા.

ઉપા. રવિવિજય રચિત 'પટ્ટાવલી'માં જણાવ્યું છે કે—

શ્રી हीरसूरय: क्रमेण भव्यजीवान् प्रतिबोध्य च श्रीदिव बन्दर आसन्न उनानगरे संवत् १६६२ भाद्रवा सुदि ११ दिने स्वर्ग प्राप्त:॥"

શ્રી હીરવિજયસૂરિ કાળધર્મ પામ્યા તે વખતે તેમની પાલખી શ્મશાનમાં લઇ જવામાં આવી તેનું વર્ણન એક સજ્ઝાયમાં આ રીતે કરેલું જોવાય છે—

" માંડવી નીપની જવ રહી,
તવ રહી રાત્રિ ઘડી ચ્યાર રે,
તવ ઘંટાનાદ જ વાજીઉ,
જેહવઉ ઇંદ્રનઉ સાર રે;
સુણઇ તે વર્ણ અઢાર રે,
પછઇ વાગા સાત ઉદાર રે,
જગનઇ વાહલો રે ગુરુ હીરજી. ૧૬

જવ ચય માહઇ પોઢાડીઆ,
જિહાં લગઇ દીઠું કાંઇ અંગરે,
તિહાં લગઇં પૂજિઆ મન રંગ રે,
રૂપા નાણુઇં અતિ અંગ રે.
જગ० ૧૭

પન્નર મણ સૂકડિ ભલી,
અગર તે ત્રણ્ય મણ જાણિ રે;
કપૂર સેર ત્રણિ તિહાં મળ્યું,
ચૂઓ સેર પાંચ પ્રમાણુ રે,
કસ્તુરિ બઇ સેર આણિ રે,
કેસર સેર ત્રણિ વખાણિ રે.
જગ० ૧૮

ઇણિ પરિં હીર અંગ સંસ્કારીઉ,
લ્યાહરી સાત હજાર રે,
તિણિ વાડી જે ભર લાઇઆ,
તેહ જ મોર્યા સહુકાર રે;
ફલિઆ તેહ સહુકાર રે,
અચરિજ એહ અપાર રે.
જગ० ૧૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પારિષ મેઘ કરાવીઉં,
થૂભ તિહાં અતિ અભિરામ રે.
તિહાં રાત્રિ આવઇ રે દેવતા,
કરવા હીર ગુણ ગ્રામ રે;
નાટિક હુઇ છઇ તામ રે,
વાજિત્ર વાજઇ તેણિ ઠામ રે,
પ્રસિદ્ધ હુઉં આવિ ગામ રે,
જગ૦ ૨૦

તિહાં ષેત્રઇ જે વાસો વસઇ,
વાણિયો નાગર જાતિ રે,
તિણિ તિહાં જાઇ નઇ જોઇ ઉં,
ઉદ્દ્યોત વનમાં ન માત રે;
કાન સુણઇં નીત ગાન રે,
વાજિત્ર દેવતાના વાત રે,
સમ કરી કહઈ પ્રભાત રે.
જગ૦ ૨૧

### કલશ

ઇમ વીરશાશન જગત્ર ભાસન,
હીર વિજય સૂરીશ્વરો,
જસ સાહિ અકબરદત્ત છાજઇ,
બિરૂદ સુંદર જગ ગુરો;
જસ પટ્ટ પ્રગટ પ્રતાપ ઊગ્યો,
વિજયસેન દિવાકરો,
કવિરાજ હર્ષાણંદ પંડિત,
વિવેકહર્ષ સુહંકરો.

(– ઐતિહાસિક સજઝાયમાળા પૃ. ૧૦–૧૧)

तत्रार्चितुं स्तूपमकब्बरेण समीपभूमि: कियती वितीर्णा ।
सिद्धाचले सिद्धनृपेण नाभिभवं यथा द्वादशसंनिवेशा: ॥
— गुरुपादुकाधिष्ठानमर्चितुं पूजयितुमकब्बरेण याति साहिना कियती कियत्प्रमाणा द्वाविंशति वीघाप्रमिता ।

(– હીરસૌભાગ્ય કાવ્ય, સર્ગ: ૧૭ શ્લોક ૧૯૫)

— જે વખતે શ્રી હીરવિજયસૂરિ કાળધર્મ પામ્યા ત્યારે તેમને પાલખીમાં પધરાવીને વાજતે ગાજતે શ્મશાન ભૂમિમાં લઇ જવામાં આવ્યા. ત્યાં ચિતામાં ૧૫ મણ સૂખડ, ૩ મણ અગર–સુગંધ, કપૂર ૩ શેર, ચૂઓ ૫ શેર, કસ્તૂરી ૨ શેર, કેસર ૩ શેર, નાખવામાં આવ્યાં હતાં.

ગામથી પોણા માઇલના અંતરે નદીના કિનારે શ્રી હીરવિજયસૂરિજીના સ્થૂલ દેહનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો. અગ્નિસંસ્કારની જમીન આગળ અકબર બાદશાહે ૨૨ વીઘા જમીનવાળો બગીચો ભેટ આપ્યો હતો.

'જૈન તીર્થનો ઇતિહાસ' અને 'જૈન તીર્થ-સર્વસંગ્રહ' એ બંને પુસ્તકોમાં અકબર બાદશાહે ૧૦૦ વીઘા જમીન ભેટ આપ્યાનો ઉલ્લેખ કર્યો છે.

આચાર્યશ્રીનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો તે સ્થળે શેઠ મેઘજી પારેખની ધર્મપત્ની લાડકીબાઇએ સ્તૂપ તૈયાર કરાવ્યો.

શ્રી હીરવિજયસૂરિ કાળધર્મ પામ્યા તે સમયે એક બ્રાહ્મણે એક વિમાન સ્વર્ગમાં જતાં જોયું હતું. એ સમયે શ્મશાન ભૂમિમાં નાટારંભ થતો પણ જોવામાં આવ્યો હતો, મોસમ ન હોવા છતાં આંબાને મોર આવ્યો હતો.

*

શાહબાગ–બગીચામાં કુલ ૧૨ દેરીઓ છે. ને ૧૩ પગલાંજોડી છે. અત્યારે આ બગીચા પર શ્રીસંઘની માલિકી છે. શ્રી હીરવિજયસૂરિની દેરી પરના લેખનો ભાગ આ પ્રકારે છે—

"જગતગુરુ હીરવિજયસૂરિ મહારાજનો સ્તૂપ વિ. સં. ૧૫૫૩ના માગશર વદિ ૯ ના રોજ ખંભાતના રહેવાસી ઉદયકરણે બનાવ્યો હતો, તેમાં શ્રી હીરવિજયસૂરિ મહારાજની ચરણપાદુકાની પ્રતિષ્ઠા શ્રી વિજયસેનસૂરિ મહારાજે કરી હતી."

સં. ૧૭૧૩ ના અષાડ સુદિ ૮ ના રોજ શ્રી વિજયદેવસૂરિએ ઉનામાં તિવિહારનું પચ્ચક્ખાણ કર્યું અને દશમના રોજ ચઉવિહારનું પચ્ચક્ખાણ કરી અષાડ સુદિ ૧૧ ના દિવસે દેવલોક પામ્યા.

ઉપા. ધર્મસાગર રચિત 'પટ્ટાવલી'માં જણાવ્યું છે કે—

"सं. १७१३ वर्षे श्री उनानगरे आषाढदेवशयनेकादश्यां प्रात:काले अष्टमभक्तेन स्वर्गप्राप्ति:, तत्र स्तूपं भणशालीरायचंदकारितं श्री हीरगुरोर्मुख्यस्तूपपार्श्वे समुद्धीरे अस्ति ॥

For Private And Personal Use Only

શ્રી **હીરવિજયસૂરિ** મહારાજનો જ્યાં અગ્નિ-સંસ્કાર **કરવામાં આવ્યો હતો** તેની બાજુની જગામાં તેમનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો. ઉનાના **રહેવાસી રામચંદ ભણશાળીએ** વિજયદેવસૂરિ મહારાજનો ત્યાં સ્તૂપ બંધાવ્યો

એ પછી **વિજયપ્રભસૂરિ** ઉનામાં આવ્યા **અને** સં. **૧૭૪૯માં અહિં જ** કાળધર્મ પામ્યા.

એ પછી શ્રી વિજયદયાસૂરિ અહીં **કાળધર્મ પામ્યા** *હતા.*

આમ **અહીં બારેક આચાર્ય અને સાધુ** મુનિ-**રાજોનો સ્વર્ગવાસ થતાં** આ **ભૂમિ** ગુરુતીર્થરૂપે **જાણીતું** થયું છે.

**વહીવટ**

**પ્રથમ આ તીર્થનો વહીવટ** મૂળજી **અભરાજ કરતા હતા. પણ પાછળથી એ** આસામી કાચી પડવાથી **ગેરવ્યવસ્થા થઇ** ગઇ. પછીથી **એક** ગોરજી **વહીવટ** ચલાવી બેઠેલા; **એમના સમયમાં** દેરાસરો **પ્રાચીન હોવાથી અતિજીર્ણ થઇ** ગયેલાં ત્યારે શેઠ **પરમાણંદ કરસનજીએ** પોતાને ખરચે અને **બહારથી** રકમ **એકઠી કરી અહીંનાં** મંદિરોનો **જીર્ણોદ્ધાર** કરાવ્યો **હતો.**

**દેરી નં. ૧**-શ્રી **હીરવિજયસૂરિ સં. ૧૬૫૨ દિવાલ પર મોટો લેખ છે. તે આ પ્રકારે—**

" **श्री संवत्** १६५२ **वर्षे** कार्तिक शुदि ५ **बुधे** तेषां जगद्गुरुणां संवेग-वैराग्य-सौभाग्यादि गुणश्रवणात् चमत्कृतेर्महाराजाधिराजाधिराज पातशाहि श्री अकब्बरा मिधाभिर्गूर्जरदेशात् दिल्लीमण्डले सवहुमानमाकार्य धर्मो-पदेशाकर्णनपूर्वक–पुस्तक कोषसमर्पण–डावराभिधान महा-सरोवर मत्स्यवधनिवारण–प्रतिवर्षं षाण्मासिकामारि प्रवर्त्तन-पूर्वक **श्री** शत्रुंजय तीर्थ मुण्डकाभिधानकर निवर्तनजीजि-याभिधानकरनिवर्तन–निजसकलदेशदाण मृतस्वमोचन–सदैव बंदीकरण निवारण चैत्यादिधर्मकृत्यानि सकललोकप्रतीतानि कृतानि । प्रवर्त्तनैषां श्री शत्रुंजये सकलसंघयुतयात्राणां भाद्रशुक्लैकादशीदिने जातनिर्वाण चाग्निसंस्कारस्थानासन्नफलित-सहकाराणां श्री हीरविजयसूरीश्वराणां प्रतिदिनदिव्यश्रवण–दीपदर्शनादिकानेकप्रभावा: स्तुपसहिता: पादुका: कारिता: पं. मेघेन। भार्या लाडकीप्रमुखकुटुंबयुतेन। प्रतिष्ठाताश्च तपागच्छाधिराजै: भट्टारक **श्री** विजयसेनसूरिभि:। उपा० श्री विमलहर्षगणि–उपा० श्री कल्याणविजयगणि–उपा० श्री सोमविजयगणिभि: प्रणता [ ? भि: ] भव्यजनै: पूज्यमानश्चिरं नंदतु। लिखिता प्रशस्ति: पद्मानंदगणिना। श्री उन्नतपुरे। शुभं भवतु ॥

**દેરી નં. ૨**—શ્રી **શાંતિસૂરીશ્વરજી, સં. ૧૬૬૪.**

**દેરી નં. ૩**—શ્રી **પ્રભાવ (પ્રભ) વિજય સૂરી-શ્વર, સં. ૧૬૬૪, પગલાં ઉપર મોટા અક્ષરે વિસ્તૃત લેખ કોતરેલો છે.** મસ્તક નાખીને વાંચી **શકાય એમ** નથી.

**દેરી નં. ૪**—શ્રી મુનિ **સુંદરસૂરીશ્વરજી, સં. ૧૭૧૩,** દિવાલ પર વિસ્તૃત લેખ **છે. તેની લંબાઇ** આશરે ૧ા ફૂટ અને પહોળાઇ ૧ા ફૂટ છે. **પરંતુ** લેખ **ઘસાઇ ગયેલો હોવાથી કેટલાક અક્ષરો વાંચી** શકાય તેમ નથી.

**દેરી નં. ૫—શ્રી પ્રભાવ** ( વિજય **પ્રભ**) **સૂરી-શ્વરજી સં. ૧૯૪૯.**

**દેરી નં. ૬—**શ્રી **હેમસૂરીશ્વરજી, સં. ૧૭૪૯**

**દેરી નં. ૭** - શ્રી **સોમસૂરીશ્વરજી, સં. ૧૭૮૫,**

**૬૨ મી** પાટે થયેલા આ **આચાર્ય ગૌતમાવતાર** ગણાતા **હતા.** તેઓ સં. **૧૭૪૯માં સ્વર્ગસ્થ થયા હતા.**

**દેરી નં. ૮**—શ્રી વિજય દેવાંશુ (?) **સૂરીશ્વરજી સં. ૧૮૧૪.** ( શ્રી વિજય **દેવસૂરિ સં. ૧૭૧૩** માં **ઉનામાં સ્વર્ગવાસી થયા હતા.** )

**દેરી નં. ૯**—શ્રી વિજય **ધર્મસૂરીશ્વરજી સં. ૧૮૧૬**

**દેરી નં. ૧૦**—શ્રી વિજયેંદ્ર ( વિજય જિનેન્દ્ર) (?) **સૂરીશ્વરજી સં. ૧૯૦૮**

**દેરી નં. ૧૧**— શ્રી વિજય **દેવેંદ્રસૂરીશ્વરજી, સં. ૧૯૪૯**

**દેરી નં. ૧૨**—ઉપર લેખલ નથી અને પાદુકા **ઉપર લેખ પણ** નથી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચોથી દીપ્રા દૃષ્ટિની સજઝાય

ડોકટર વલ્લભદાસ નેણસીભાઇ

( ગતાંક નં-૭ પૃષ્ઠ ૯૦ થી ચાલુ )

**(૧૦) એવા અવગુણવંતનું જી,**
**પદ છે અવેદ્ય કઠોર.**
**સાધુ–સંગ આગમ તણો જી,**
**તે જીત્યો ધુરંધોર.**

**—મનમોહન.**

ભાવાર્થ:—આવા દુર્ગુણી આત્માનું સર્વ વર્તન અવેદ્ય ( અધઃપતન કરનાર ) કઠોર છે તેથા તેને ગ્રંથી ભેદ ન થાય ત્યાં સુધી તેને આત્માનો સ્વાનુભવ પણ થતો નથી. જેથી આવા અવગુણી આત્માએ સંસાર પરિભ્રમણથી જો મુક્ત થવું હોય તો સ્વચ્છંદ, પ્રતિબંધ, અહંકાર, બહિરાત્મભાવ, કદાગ્રહ, વિષયાસક્તિ, દંભ, પ્રપંચ, લોક સંજ્ઞા, લોક ભય, અને અજ્ઞાનાદિ આત્મઘાતી દોષોનો, સન્માર્ગ પામવાની સાચી જીજ્ઞાસાવાળાએ પરમ કલ્યાણકારી શ્રી સદ્દગુરૂના સત્સમાગમ તથા સદ્બોધથી નાશ કરીને આત્માને જાગૃત અને શુદ્ધ બનાવવાથી જ તેઓ વેદ્ય સંવેદ્ય પદ ( સ્વાનુભવ જ્ઞાન ) ને મેળવવા સદ્દભાગ્યશાળી બને છે.

(૧૧) તે જીત્યે સ્હેજે રમેજી,
વિષમ કુતર્ક પ્રકાર,
દૂર નિકટ હાથી હણેજી,
જેમ બે બઠર વિચાર–

—મનમોહન

ભાવાર્થ:—જે જીવ મોહનીય કર્મને જીતવાનો પ્રબળ પ્રયત્ન કરે છે, તેના આશંકા તથા અશ્રદ્ધાના અધમ કુતર્કો નાશ પામે છે તેના ઉપર બે મૂર્ખાઓનું દ્રષ્ટાંત આપે છે. મદોન્મત હાથી ઉપર બેસીને ફરવા જનાર એક મહાવતે સામેથી આવતા બે મૂર્ખાઓને કહ્યું કે આ હાથી મદ ઝરવાથી મસ્ત બની ગયો છે માટે તેનાથી દૂર રહો નહીંતર તમને કચડી નાંખશે ને તમારો સંહાર કરશે એ પ્રમાણે ચેતવણી આપ્યા છતાં તે બે મૂર્ખાઓ વિચારવા લાગ્યા કે આ હાથી પ્રાપ્ત થયેલને મારશે કે અપ્રાપ્ત થયેલાને ? જો પ્રાપ્ત થયેલાને મારતો હોય તો તેની ઉપર ચડી બેસનાર મહાવતને કેમ મારતો નથી ? અને જો અપ્રાપ્ત થયેલાને મારતો હોય તો તે સામે આવનારને હણે પણ પડખે થઇને પસાર થનાર આપણને તે કેમ મારી શકે ? આમ વિચારી રહ્યા છે. ત્યાં તો હાથીએ બન્નેને સૂંઢમાં કચડીને મારી નાંખ્યા–તેમ આત્માર્થી જીવો સન્માર્ગ સાધવાને જ્યારે પુરૂષાર્થી બને છે ત્યારે તેના આશંકાદિ બધા કુતર્કો નાશ પામે છે:—

(૧૨) હું પામ્યો સંશય નહિજી,
મુરખ કરે એ વિચાર,
આળસુ આ ગુરૂ શિષ્યનોજી,
તે તો વચન પ્રકાર.

—મનમોહન.

ભાવાર્થ:—શીત રૂતુમાં જ્યારે સખ્ત ઠંડી પડતી હતી ત્યારે ઉઘાડો દરવાજો રાખી, જંગલની ઝુંપડીમાં સુતેલા આળસુ ગુરુ-ચેલાને કડકડતી ઠંડીમાં પણ દરવાજો બંધ કરવા માટે ઉઠવાનું મન થતું નથી. ગુરૂ ચેલાને દરવાજો બંધ કરવાનું કહે છે, અને ચેલો ગુરૂને બંધ કરવાનું કહે છે. ટાઢ અસહ્ય છે, ઓઢવાને પુરતાં સાધનો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દરવાજેથી કાળજું કંપાવી નાંખે એવો ઠંડો પવન આવી રહ્યો છે છતાં આળસને લીધે ઊઠીને કોઈએ દરવાજો બંધ ન કરવાથી અસહ્ય ઠંડીમાં થીજીને મરણ પામ્યા. તેમ હું સમજું છું, હું જ્ઞાની છું, એવા અહંકારના ઘમંડમાં રહીને મૂર્ખ મનુષ્ય પોતાના કર્તવ્યનો વિચાર ન કરતાં, સન્માર્ગદર્શક એ સદ્‌ગુરૂનો યોગ મળ્યા છતાં પોતાના આત્મવીર્યને ન ફોરવતાં પ્રમાદરૂપ આળસ અને અજ્ઞાનમાં રહીને અલભ્ય માનવ જીવનને વ્યર્થ ગુમાવીને પોતાની અધોગતિ કરે છે:—

(૧૩) ધીજે તે પ્રતિ આવવુંજી,
આપ મતે અનુમાન.
આગમને અનુમાનથીજી,
સાચું લહે સુજ્ઞાન
—મનમોહન

ભાવાર્થ: જે જીવન સ્વચ્છંદ અને મતિ કલ્પનાથી અનુમાન કરીને સન્માર્ગનો વિચાર કરવા તથા શોધવા નિશ્ચય કરે છે તે પરમાર્થ તત્ત્વને પામી શકતો નથી; પરંતુ જે પુરૂષ સ્વચ્છંદ, પ્રતિબંધ અને મતાગ્રહને દૂર કરીને સત્પુરૂષની આજ્ઞા તથા આગમના અનુસારે સન્માર્ગનો વિચાર, શોધ તથા નિશ્ચય કરે છે તે જ પરમ તત્ત્વને પામી શકે છે.

પ્રત્યક્ષ સદ્‌ગુરૂ યોગથી,
સ્વચ્છંદ તે રોકાય,
અન્ય ઉપાય કર્યા થકી,
પ્રાયે બમણો થાય.

જેમ અનુભવી વૈદની સંમતિ અને પથ્ય સેવન વિના જો રોગી પોતાની મતિકલ્પનાથી રોગનું નિદાન કરવા જાય તો રોગ નાબુદ થવાને બદલે ઊલટો વધી જાય છે તેમ મુમુક્ષુ આત્મા પણ પ્રત્યક્ષ સદ્‌ગુરૂની આજ્ઞા પ્રમાણે વર્તીને જો સ્વચ્છંદને રોકે તો પરમાર્થ માર્ગ પામવા શક્તિવાન થાય છે—તે વિના બીજા અનેક ઉપાયો કર્યા છતાં પણ તત્ત્વજ્ઞાન મેળવી શકતો નથી પરંતુ ઊલટું અજ્ઞાનની વૃદ્ધિ કરે છે.

(૧૪) નહિ સર્વજ્ઞ જુજુઆજી,
તેહના જે વળી દાસ,
ભક્તિ દેવની પણ કહીજી
ચિત્રાચિત્ર પ્રકાશ.
—મનમોહન

(૧૫) દેવ સંસારી અનેક છેજી,
તેહની ભક્તિ વિચિત્ર,
એક રાગ પર શેષથીજી,
એક મુક્તિની અચિત્ર.
—મનમોહન

ભાવાર્થ:—જે સન્માર્ગનો સાચો ઉપાસક હોય તે વિચારક આત્માર્થી જીવને એ વાતની સુદ્રઢ રીતે પ્રતીતિ હોય છે કે સો શાણાનો એક મત અને એક અજ્ઞાનીના સો મત-એ ન્યાયે અનંતકાલ થયાં અનંત કેવળી તથા અનંત તીર્થંકરો થઇ ગયા તેઓ સર્વે એક જ સ્વરૂપે હતા જો કે તેઓ દેહરૂપે જુદા જુદા હતા. પણ અનંત જ્ઞાને, અનંત અનુભવે અને અનંત આગમરૂપે (તત્ત્વબોધ સ્વરૂપ) તો એક જ સ્વરૂપે હતા. અને સંપૂર્ણ રીતે અવિતથ્ય (સત્યવાદી) હતા. તેમના દર્શાવેલા વીતરાગ માર્ગનું તાત્ત્વિક દૃષ્ટિએ આરાધન કરનારા તેમના ભક્તો વીતરાગ ભાવે જ તેમની ભક્તિ કરે છે-શાસ્ત્રમાં ચિત્ર અને વિચિત્ર એમ ભક્તિના બે પ્રકાર કહ્યા છે અને તે બન્ને ભેદોના અંતરભેદો તો અનેક પ્રકારે દર્શાવ્યા છે.

જેઓ વીતરાગભાવ તથા વીતરાગસ્વરૂપને પણ પામ્યા નથી છતાં પોતાને અહંકારભાવે હું જ્ઞાની છું, દેવસ્વરૂપ છું, પરબ્રહ્મ છું, સમકિતી છું, પૂજનીય છું. એમ માનીને દેવપણાનો વા ગુરૂપણાનો દાવો કરનારા અનેક શુષ્ક જ્ઞાની (અજ્ઞાનીઓ) પડેલા છે તેમના તરફ સકામવૃત્તિ (રાગ)થી, દ્વેષથી, દેખા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેખીથી, કે ભયથી ભક્તિ કરે છે તેને વિચિત્ર ભક્તિ કહે છે. આવી ભક્તિ ગમે તેવા વિધિપૂર્વક કે વિચારપૂર્વક હોય તોપણ તેનું પરિણમન સંસાર વૃદ્ધિ જ છે.

કર્માવરણથી સર્વથા મુક્ત થઇને, કેવળજ્ઞાન પ્રાપ્ત કરનાર, વીતરાગદેવ અથવા કર્મબંધનથી મુક્ત થઇને જેમણે ક્ષાયિક સમકિત મેળવ્યું છે એવા વીતરાગ ગુરૂની અનન્ય પ્રેમ, અડગ શ્રદ્ધા, નિઃશંકતા, અને નિષ્કામપણે જે ભક્તિ કરવી તેને અચિત્ર ભક્તિ (ભેદ-કલ્પના અને શંકા રહિત) કહે છે કે જેનાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે.

(૧૬) ઇંદ્રીયાર્થ ગત બુદ્ધિ છે જી,
જ્ઞાન છે આતમ હેત,
અસંમોહ શુભ કૃતિ ગુણેજી,
તેણે ફળ ભેદ સંકેત.

—મનમોહન

ભાવાર્થ:—અચિત્ર અને વિચિત્ર એમ બે પ્રકારની ભક્તિ છે તે અનેક પ્રકારનાં ફળોને આપે છે. જેમ બુદ્ધિના અનેક પ્રકારો છે તેમ ભક્તિનાં ફળો પણ અનેક પ્રકારે મળે છે—જેમ વાસનાસકત બુદ્ધિ ઇંદ્રિયોના વિષયોમાં જ અટવાઇ જાય છે અર્થાત વિષયો સુધી જ પહોંચે છે, જ્ઞાનપ્રાપ્તિ માટે પ્રયત્નશીલ બનતી નથી. કોઇની બુદ્ધિ આગમના રહસ્યને જાણવા સુધી જાય છે અને કોઇની બુદ્ધિ, તૃષ્ણા-મમતા-તથા મોહાદિનાં બંધનોથી મુક્ત થઇને—નિર્મોહી બનીને જીવનની વિશુદ્ધિ કરનાર આંતરિક ગુણો પ્રાપ્ત કરવા સુધી પહોંચે છે, તેજ પ્રમાણે કોઈની ભક્તિ લોક રંજન કરવા માટે, કોઈનો હું ભક્ત છું એવો અભિમાન પોષવાને માટે, કોઇનો સ્વાર્થ સાધવા માટે થાય છે અને આત્માર્થી જીવનની નિષ્કામ ભક્તિ પરમ કલ્યાણકારી પરમાર્થ માર્ગ સુધી લઇ જનારી થાય છે.

(૧૭) આદર કિરિયા રતિ ઘણીજી,
વિઘ્ન ટળે મિલે લચ્છી,
જીજ્ઞાસા બુદ્ધ સેવનાજી,
શુભ કૃતિ ચિન્હ પ્રત્યચ્છિ,

—મનમોહન

ભાવાર્થ:—શુભ કૃતિ એટલે અંતર જીવનનો વિકાસ - તે વિકાસ જે આત્માર્થી જીવને થયો હોય તેનાં લક્ષણો દર્શાવે છે.

વિધિપૂર્વક, હેતુપૂર્વક, લક્ષપૂર્વક, અને આત્મોપયોગ પૂર્વક શુદ્ધ ક્રિયા એટલે સ. દર્શન જ્ઞાન સહિત વિશુદ્ધ ચારિત્રમાં અતિ આદર, ઉદ્યમ અને સતત જાગૃતિ રહે તે-અર્થાત વિષય, કષાય, પ્રમાદ અને અજ્ઞાનથી મુક્ત થઇને આત્મસ્વરૂપની રમણતા તથા સ્થિરતામાં સુદ્દઢ રહે, નિષ્કામવૃતિથી સત્પુરૂષના ચરણ કમળની અનન્ય ભક્તિથી ઉપાસના કરીને પરમાર્થ માર્ગ આરાધવાની દ્રઢ જીજ્ઞાસાથી પરમ તત્ત્વજ્ઞાન પામવાને શક્તિમાન થાય તેને શુભ કૃતિનાં લક્ષણો કહે છે.

(૧૮) બુદ્ધિ ક્રિયા ભવ ફળ દીયેજી,
જ્ઞાન ક્રિયા શિવ અંગ,
અસંમોહ કિરિયા દીયેજી,
શીઘ્ર મુક્તિ ફળ અંગ.

—મનમોહન

ભાવાર્થ:—આ ગાથામાં બાહ્ય તથા અભ્યંતર ક્રિયાઓનાં ફળો દર્શાવે છે. જે પુરૂષ ગમે તેવી ઉત્કૃષ્ટ શુભ ક્રિયાઓ કરતો હોય પણ જો તે બહિરાત્માભાવે ઇંદ્રિયોના વિષયોમાં આસક્ત થઇને કરતો હોય, તો તેનું ફળ સંસારવૃદ્ધિ જ છે. જે જીજ્ઞાસુ આત્મા જ્ઞાનપૂર્વક (આત્માના શુદ્ધોપયોગ પૂર્વક) ક્રિયા કરતો હોય તો તેનું ફળ મોક્ષ છે કેમકે જ્ઞાન ક્રિયાભ્યાં મોક્ષ ! એટલે જ્ઞાન એટલે સ્વ સ્વરૂપની રમણતા, અને ક્રિયા એટલે સ્વ સ્વરૂપની સ્થિરતા, આવી જ્ઞાન—ક્રિયાથી જ મોક્ષની પ્રાપ્તિ થાય છે, જેથી જ્ઞાનપૂર્વક અંસમોહ એટલે મૂર્છા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવનાથી મુક્ત થઇને નિર્મોહીપણે વિશુદ્ધ ચારિત્ર પામનારને મોક્ષ મળે છે.

જ્ઞાનનું ફળ વિરતિ છે—વિરતિ એટલે સતાગત ચારિત્ર મોહનીયનો અબંધકભાવે ક્ષય કરવો તે, વિરતિનું ફળ સંવર—એટલે નવાં બંધાતાં કર્મોનો અટકાવ, સંવરનું ફળ, ક્રિયા નિવૃતિ એટલે આત્માના સમ્યગ્ જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ ગુણોનું આવરણીય કરનાર જે કર્મબંધન તેનાથી મુક્ત થવું તે, એ ક્રિયા નિવૃતિથી સર્વ કર્મથી રહિત થઇને અયોગીપણાની પ્રાપ્તિ થાય છે.

(૧૯) પુદ્દગલ રચના કારમીજી,
તિહાં જસ ચિત ન લીન,
એહ માર્ગ તે શિવ તણોજી,
ભેદ લહે જગ દીન.

—મનમોહન

ભાવાર્થ:- જેમ દુકાનનો નોકર માલનું વેચાણ કરતી વખતે ગ્રાહકોને અમારી દુકાનનો માલ સારો છે એમ સુંદર વાણીથી સમજાવે છે છતાં શેઠની જેમ તેને દુકાન તરફ મમત્વભાવ કે આસક્તિભાવ નથી. જેમ બાળક ધૂળનું ઘર બનાવીને રમતો રમતો ક્ષણવારમાં જ તે ઘરને ભાંગી નાંખે છે તેથી તેને તે ઘરમાં મૂર્છાભાવ નથી, જેમ ધાવમાતા બાળકને પ્રેમના મધુરાં વચનોથી હુલરાવીને ધવરાવે છે, છતાં તેને બાળક ઉપર જનેતાની જેમ તદાસક્તપણું નથી તેમ આ આત્માર્થી જીવને તીવ્ર વૈરાગ્ય, ભક્તિ તથા પરમાત્મ સ્વરૂપના ચિંતવનમાં તલ્લીન થઈ જવાથી તે પુદ્દગલભાવે કારમો એટલે નિર્માલ્ય—અસાર જાણીને તેમાં તદાસક્ત ન થતાં તેનાથી ઉદાસીન રહીને મોક્ષ માર્ગનું સરળતા દૃઢતા તથા અભિન્નતાથી સેવન કરે છે કેમકે આત્માર્થી જીવ વિચારશીલ અને વિવેકી હોય છે તેથી તે સારી રીતે સમજી શકે છે.–એમ મહાત્મા લખે છે કે—

લિંગ ભેદો અને જે વ્રતનારે,
તે તો દ્રવ્ય કાલાદિ ભેદ,
પણ જ્ઞાનાદિની જે શુદ્ધતા રે,
તે તો ત્રણ કાલે અભેદ.
મૂળ મારગ સાંભળો જીનનો રે.

(૨૦) શિષ્ય ભણી જીન દેશનાજી,
કહે જન પરિણતિ ભિન્ન,
કહે મુનિની નય દેશનાજી,
પરમાર્થથી અભિન્ન.

—મનમોહન.

ભાવાર્થ:—જેમ વરસાદનું પાણી સમાનભાવે વરસે છે છતાં પાત્રના માપની અને સ્થિતિની ભિન્નતાથી, ભિન્ન ભિન્ન ભાવે પરિણમે છે. તેજ પ્રમાણે શ્રી જીન ભગવાન સહજ સ્વરૂપે સમાનભાવે દેશના આપે છે, પરંતુ તે દેશના સાંભળનાર સાધક આત્માઓની જેટલી જેટલી ક્ષયોપશમની શક્તિ અને લાયકાત હોય તેટલીજ પ્રમાણમાં તે બોધ પરિણમે છે તેમજ પરમ તત્ત્વજ્ઞાન પ્રકાશક શ્રી સદ્દગુરૂદેવ પણ પોતાના ક્ષયોપશમિક જ્ઞાનની તારતમ્યતાને લઇને જુદા જુદા નયોની અપેક્ષાએ જીજ્ઞાસુ જીવોને સન્માર્ગ સાધવા માટે જે જે સદુપદેશ આપે છે, તે તે બોધ સાંભળવા જીજ્ઞાસુ જીવની ક્ષયોપશમિક શક્તિ તથા લાયકાત પ્રમાણે ભિન્ન ભિન્ન રૂપે, ન્યૂનાધિકપણે પરિણમે છે. છતાં શ્રી જીનેશ્વરનો યા સાધુજનનો બોધ સમ્યગ્ જ્ઞાન, દર્શન, ચારિત્રની પ્રાપ્તિમાં પરમ સહાયક હોવાથી તાત્ત્વિક દ્રષ્ટિએ તે સદબોધ એકજ સ્વરૂપ છે. અર્થાત અભિન્ન છે.

(૨૧) શબ્દભેદ ઝઘડો કિશ્યોજી,
પરમારથ જો એક,
કહો ગંગા, કહો સુરનદીજી,
વસ્તુ ફેરે નહિ છેક.

—મનમોહન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવાર્થ:—જેમ પોતપોતાની શક્તિના અનુસારે મળેલ હાથી, ઉંટ કે ઘોડા, ગાડું વિગેરે વાહનો દ્વારા એક જ શહેર તરફ મુસાફરી કરનારા મુસાફરોને જો તે શહેરનો લક્ષ ભૂલાયો ન હોય તો પછી વાહનોની ભિન્નતામાં મુંઝાઇને ઝઘડો કરવાની કાંઇ જરૂર જ રહેતી નથી. તેમ પરમાર્થ માર્ગ પામવાની પ્રબળ જીજ્ઞાસાવાળા આત્માર્થી જીવને પરમાર્થ તરફ જ લક્ષ છે તો કોઈપણ કારણોના નામભેદને લઇને વા સાધનભેદને લઇને ઝગડો કરવાની જરૂર જ રહેતી નથી. જેનું ધ્યેય એક જ પરમાર્થ જ છે તેને કદાગ્રહોના ઝગડામાં પડવાની જરૂર જ ન હોય–ગંગા નદીને કોઈ સુરનદી–ગંગા કે જાજરવી કહે છતાં નામભેદથી કે શબ્દભેદથી તેની જુદાઇ થતી જ નથી. તે તો એક જ સ્વરૂપે છે તેમ સરલતા તથા મધ્યસ્થતા પૂર્વક પરમાર્થનો લક્ષ રાખીને જે સેવન કરે છે તે જ ધ્યેયને (પરમાર્થ તત્ત્વને) સુગમતાથી પામી શકે છે.

(૨૨) ધર્મ ક્ષમાદિક પણ મિટેજી,
પ્રગટે ધર્મ સંન્યાસ,
તો ઝગડા–ઝંઝર તણોજી,
મુનિને કવણ અભ્યાસ.

—મનમોહન

ભાવાર્થ:—ભાષાંતરકારે ક્ષગાદિક ધર્મ મિટે, એટલે ક્ષયોપશમભાવે ઉત્પન્ન થયેલા ક્ષમાદિ ગુણો ન રહે. આ પ્રમાણે શબ્દાર્થ કરીને આશયને ગુંચવણમાં નાંખી દીધો છે. જ્યારે આ દૃષ્ટિમાં ક્ષમાદિ ધર્મો ક્ષયોપક્ષમિક ભાવે ન હોય. ત્યારે શું ક્ષાયિક ભાવે હોય? આ ચોથી દૃષ્ટિ સમ્યકત્વની સાધક દૃષ્ટિ છે પણ સાધ્ય પ્રાપ્ત થયેલી દૃષ્ટિ નથી. તેથી આ દૃષ્ટિમાં સમ્યકત્વ થયા પહેલાં ક્ષાયકભાવ તો હોય જ નહિ. એટલે સમ્યકત્વ થયા પહેલાં ક્ષયોપશમભાવથી ઉત્પન્ન થતા ક્ષમાદિ ગુણો મટી જાય તો જીવનની શૂન્યતા જ થઈ જાય. અર્થાત્ સાધ્ય પ્રાપ્ત થયા પહેલાં જ જો સાધનો છૂટી જાય તો જીવન શૂન્ય જ બની જાય. માટે આ ગાથાનો અર્થ આધ્યાત્મિક દૃષ્ટિએ જ વિચારવા યોગ્ય છે.

ક્ષમાદિ સાધનોને ધર્મ માનવાની જે ભ્રાંતિ હતી તે સમ્યકત્વજ્ઞાન પામવાની નજીક આવવાથી અને વિવેકશક્તિ જાગૃત થવાથી નાશ પામે છે અને ધર્મ સંન્યાસ એટલે પરભાવથી નિવૃત થઇને સ્વ-સ્વભાવમાં આત્માને સમ્યક્ પ્રકારે સ્થાપન કરવો તે પ્રગટ થાય છે તેથી સ્વસ્વરૂપની પ્રાપ્તિ કરનાર મુનિને મતભેદ કે કદાગ્રહના ઝગડાઓની ઝંઝટ (ઉપાધિ), હોય જ નહીં એ તો મહાન યોગી આનંદઘનજી મહારાજ દર્શાવે છે તેમ

આપ સ્વભાવમાં રે અવધૂ સદા મગનમેં રહેના.

એ કહેવત પ્રમાણે સદાયે મગ્ન રહે છે.


(૨૩) અભિનિવેશ સઘળો ત્યજીજી,
ચાર લહી જેણે દૃષ્ટિ,
તે લેશે હવે પાંચમીજી,
સુયશ અમૃતઘન વૃષ્ટિ.

—મનમોહન

ભાવાર્થ:— મતાગ્રહ, કદાગ્રહ, લોકસંજ્ઞા અને અભિનિવેશ મિથ્યાત્વથી મુક્ત થઇને, સ્વચ્છંદ, પ્રતિબંધ, તથા અજ્ઞાનનો નાશ કરીને, સદ્ગુરૂની આજ્ઞા પૂર્વક તીવ્ર ત્યાગ—વૈરાગ્ય—ભક્તિ તથા શ્રદ્ધાથી સન્માર્ગની ઉપાસના કરનાર મુમુક્ષુ આત્મા ચાર દૃષ્ટિઓની સાધન દશાને પામીને સ્વ સ્વરૂપની રમણતારૂપ તથા સુરસરૂપ અમૃતને વરસાવવાને મેઘની વૃષ્ટિ સમાન પાંચમી દૃષ્ટિને અવશ્ય પામે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વરાજ્ય !

( લેખકઃ—સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ માલેગામ)

સ્વરાજ્ય એટલે આપણા તાબે જેટલો પ્રદેશ છે તેની ઉપર આપણીજ હુકમત ચાલે, આપણા હિત-ની દૃષ્ટિથીજ બધા કાયદાઓ ઘડાય આપણા વિરુદ્ધ કોઈ કાંઇ પણ ન કરી શકે. આપણા જે શત્રુઓ હોય તેમને જરા જેવો પણ આશરો આપણા રાજ્ય-માં ન મળે અને સાવચેતી પૂર્વક આપણા હિત વિરોધીઓને ચુંટી ચુંટીને દૂર કરવામાં આવે એટલેથીજ બધું સરળ અને સુરાજ્ય બનીજં જાય એમ ન કહેવાય. આપણો નોકર વર્ગ હોય તે બધો આપણીજ આજ્ઞા પાલન કરે. અને કોઇ આપણા હિતની વિરૂદ્ધ જનારો ઘટના થઈ જતી હોય તો તેથી આપણને વખતસર સજાગ કરે. આપણું પ્રધાન મંડળ પણ નિર્દોષ હોવું જોઈએ. આપણો નોકર વર્ગ જો લાંચ રૂસ્વત ખાનારો બની જાય તો એવું નામનું સ્વરાજ્ય તો આપણને ખાડામાંજ ઉતારેને ?

આપણો મુખ્ય મંત્રી આપણા હિતનીજ વાત આપણને બતાવે. તેમ નહીં કરતા આપણને મૂર્ખ બનાવ્યા કરે તો એવા સ્વરાજ્યથી આપણું કલ્યાણ શી રીતે થાસે? આપણા રાજ્યમાં ચોરોને આશરો આપે, અને આપણા માલ મિલકતની સતત લૂટજ ચાલુ રાખે ત્યારે આપણું એ સ્વરાજ્ય નકલી જ કહેવાય ને?

આપણે બધુંજ પહેલાથી જાણી ગયેલા અને દરેક બાબતમાં ચેતી ગયેલા હોઈએ એ સંભવિત નથી. આપણે તો દરેક બાબતમાં પરવશપણે વર્તવાનું હોય, ત્યારે આપણા મંત્રી અને બીજો અધિકારી વર્ગ જો આપણને અંધારામાં રાખી પોતાને જ જે ફાવે તેવું કરતા રહે ત્યારે આપણું પોતાનું રાજ્ય હોય પણ તે શા કામનું? આપણું પોતાનું સ્વરાજ્ય છે, અને આપણું રાજ્યતંત્ર બરાબર ચાલે છે એવા ભ્રમમાં રહીએ ત્યારે તેવા સ્વરાજ્યનું પરિણામ શું આવે? એનું પરિણામ આપણા જાણવામાં આવે ત્યારે તો ઘણું મોડું થઇ ગયેલું હોય. ત્યારે આપણે આપણા હાથમાંથી સ્વાતંત્ર્ય ખોઈ બેઠેલા હોઈએ અને ઊલટું બીજાના તાબેદાર થઈ ગયેલા હોઈએ. એવું સ્વરાજ્ય શા કામનું

રાજા પોતે પરાક્રમી નથી અને હંમેશ પારકાની બુદ્ધિથી ચાલનારો છે એવું જ્યારે મંત્રી જાણી જાય છે, ત્યારે મંત્રી પોતાનુંજ તંત્ર ચલાવ્યા કરે એ સ્વાભાવિક છે. એવી અવસ્થામાં મંત્રી પોતાના તાબે વર્તતા એવા અવળે માર્ગે દોરી જનારા સેવકોને ઉશ્કેરી મૂકે. અને રાજાને રાજ્ય કારોબારની ગંધ પણ ન આવે એવી વ્યવસ્થા કરી મૂકે અને રાજાને ભ્રમમાં જ રાખી પોતાને તાબે બધુ રાજ્ય લઈ અરાજકતાને ઉત્તેજન આપે એ દેખીતું છે. પ્રજા પાસેથી મેળવેલી સંપતિનો ઉપયોગ પોતાના વ્યક્તિગત કાર્યમાં લગાડે ત્યારે એને પૂછનાર કોણ?

રાજાને ખાનપાન એશ-અને આરામ ભોગ અને વિલાસમાં, ગાનતાનમાં, ચેન ચાળામાં રાખે અને એને પોતાનું શું થઈ રહ્યું છે એની ગંધ પણ ન આવે એવી સ્થિતિમાં મૂકીદે ત્યારે રાજા તો પોતાના ધૂનમાં દારૂડીઆની પેઠે પોતાની એક જુદીજ દુનિયા બનાવી લ્યે અને બધું સલામત છે એમ સમજી ‘હું સુખી છુ’ એવી ભ્રમણામાં રહ્યા કરે એ સ્પષ્ટ છે.

રાજાને આવી પરવશ સ્થિતિમાં ગોંધી રાખી પ્રજા-માં રાજાની નાલસ્તી ચાલુ રાખે. મંત્રી રાજાની સ્થિતિનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવું વર્ણન લોકોમાં ફેલાવે કે, રાજા તો બેઅક્કલ છે. આખો દિવસ સ્ત્રીઓ અને માદક પદાર્થોના સેવનમાં મશગુલ રહે છે. રાજકાર્ય તરફ જોતાજ નથી જેમની પાસેથી કરવેરા ઉઘરાવીએ તેમનું ભલું કરવામાં એ સમજતાજ નથી, અમારે તો તેમની આજ્ઞામાં રહી કામ કરવાનું હોય છે. અમારૂં રાજાની આગળ કાંઈ ચાલતું નથી આવી સ્થિતિમાં પ્રજા હુલ્લડ જગાડે, બંડ પોકારે એ સ્વાભાવિક છે. અને આવા રાજાને ગાદી ઉપરથી ખસેડી અન્ય કાઈ ને રાજગાદી સોંપે એ બનવા જોગ છે. એટલેજ અમો કહીએ છીએ કે, રાજાએ એટલે આપણે પોતાનું રાજ્ય પોતેજ સંભાળી લેવું જોઈએ. આપણો મંત્રી આપણા હિતમાં રાજ્ય કરે છે કે પોતાનું ચલાવી આપણને ખાડામાં ઉતારે છે એની તકેદારી આપણે રાખવી જોઈ એ. આપણો મંત્રી આપણા તાબે છે કે સ્વચ્છંદી છે. આપણા નોકરો આપ– ણા તાબે વર્તે છે કે ઊલટા આપણી ઉપર હુકમત ચલાવે છે એની પૂરી તપાસ આપણે રાખીશું તોજ આપણે સ્વરાજ્ય ભોગવી શકીશું. અન્યથા આપણે આપણાજ નોકરોના ગુલામ થઈ જઈશું. એનો આપણે વિચાર કરવો જોઈએ,

એ બધી આવતી આપત્તિઓ ટાળવા માટે આપણે આપણી બુદ્ધિ ઠેકાણે રાખી વિવેકપૂર્વક કાર્ય કરવું જોઈ એ. આપણે જે જે કૃતિ કરીએ છીએ તે આપણને હિત કરનારી છે કે, અહિત કરનારી ? આપણા સેવકો આપણીજ આજ્ઞામાં રહી આપણું કામ કરે છે કે, સ્વચ્છંદપણે પોતપોતાની લાલસા પૂરી કરતા રહ્યા છે ? એની તકેદારી આપણે નહીં રાખીએ તો કોણ રાખે ? આપણું પોતાનું કામ તો આપણે પોતેજ કરવું રહ્યું, આપણી જવાબદારી તો આપણા જ માથા ઉપર રહેવાની ! આપણું પોતાનું કામ જો નોકરી કરનારાઓ ઉપર આપણે સોંપીએ અને તેમાં કાંઈ ભૂલ થઈ જાય તો તેની જવાબદારી આપણાજ માથે આવી પડે ને ? આપણે એવી જવાબદારી ટાળવા બેસીએ તો આપણેજ મૂર્ખ ઠરીએ ! એવી રીતે મૂર્ખ નહીં ઠરવું હોય તો દરેક કાર્ય પોતાની આજ્ઞાનુસાર અને પોતાના માર્ગદર્શન મુજબ થાય છે કે નહીં તેની તપાસ રાખવી જોઈએ.

આપણું જીવન કે સ્વરાજ્ય ન્યાયપૂર્વક અને વિશિષ્ટ ધ્યેયપૂર્વક ચાલ્યું છે કે નહીં, અથવા કેવું ચલાવવું જોઈએ તે જાણી લેવા માટે જેઓ પોતાનું સ્વરાજ્ય સાવધાનીથી યશસ્વી રીતે ચલાવી જગતમાં વખણાઈ ગયા છે, અને જેમનાં નામો ગ્રંથમાં લખાઈ ગયાં છે, અને જેમણે અંતે સ્વરાજ્ય સુખપૂર્વક ભોગવી સામ્રાજ્ય મેળવી લીધું છે એવા મહાત્માઓનો સંપર્ક આપણે સાધવો પડશે. જ્ઞાની ભગવંતોએ એમની કાર્ય-પદ્ધતિનું વિવરણ ગ્રંથોમાં લખી રાખેલું છે. આપણે તેનો અભ્યાસ કરવો જોઈએ અને તેમની કાર્યપદ્ધતિનું યથાર્થ જ્ઞાન તજજ્ઞ ગુરૂઓ પાસેથી મેળવી લેવું જોઈએ.

સ્વરાજ્યને અરાજકતામાં ફેરવી નાખનારાં કૃત્યો આપણે કરીએ અને આપણો માર્ગ બરાબર છે એમ બોલતા રહીએ એથી સાચું સ્વરાજ્ય આપણે મળ્યું એમ સુતરામ્ શક્ય નથી.

સ્વરાજ્ય કોનું ? તેનો રાજા કોણ ? અને સ્વરાજ્ય કોના હિત માટે ? એનો જવાબ એવો હોય કે, સ્વરાજ્ય આપણા અચિંત્ય, અવ્યક્ત અજ્ઞેય, અનાદિ અને અનંત એવા આત્મામાટે જોઈએ. અને એ આપણા ચિરંતન આત્મા માટે અને એનાજ હિત માટે એની આપણને જરૂર છે. નહીં કે આપણા વિનાશી એવા એક જન્મના શરીર માટે. નહીં કે આપણી ઇંદ્રિયો માટે ! કારણ એતો હમેશ દ્રવ્ય અને ભાવ મનને વશવર્તી હમેશ એક આંધળાની પેઠે ખાડા કે ખાબોચિયા જોયા વિના જ મોહની ભ્રમણામાં ચાલ્યાજ કરે છે. એઓનો રાજા તો જાણે આપણું સદા ચંચલ રહેતું મન હોય એમ માની તેઓનું વર્તન હોય છે. સાચો રાજા જે આત્મા એની તો તેમને ઓળખાણ પણ હોતી નથી. આપણો રાજા તો આત્મા છે. અને આપણે કુબુદ્ધિ મનની સેવા કરીએ છીએ, એ વસ્તુનું એમને ભાન પણ નથી. ખુદ ઇંદ્રિયોનો પણ નાશ એજ અરાજકતા ચલાવનારૂં મન કરે છે એ સ્પષ્ટ છે. ઇંદ્રિયો પોતે જડ હોવાને કારણે એમને પોતાની સ્થિતિનું જ્ઞાન ક્યાંથી હોય ?

For Private And Personal Use Only

આવું અર્થહીન અને પરવશ રહેલું નામધારી સ્વરાજ્ય આપણે ચલાવી નથી રહ્યા શું ? આપણી ઇંદ્રિયો વાસ્તવિક રીતે આપણી નોકર છે. એઓ આપણું કહ્યું કરે છે કે, આપણા ચંચલ મનનું અપચન કરે એવા પદાર્થો ખાવા એ આપણા શરીરને અને અંતે આત્માને રોગ આદિ ઉપદ્રવો કરી આપણી પ્રગતિ રૂંધી નાખે તેવા છે. છતાં આપણું સ્વચ્છંદીમન આપણી લાલસાને ઉશ્કેરી મૂકે અને મોહમાં ફસાવે એમાં દોષ કોનો ? અભક્ષ્ય ભક્ષણ કરવામાં દોષ છે. નુકસાન છે. એમ આપણે બોલ્યા કરીએ અને મન નચાવે તેમ નાચી નહીં કરવાનું કર્યા કરીએ એમાં દોષી કોણ ? નહીં સુણવા લાયક બીભત્સ સંગીત સાંભળીએ અને સાંભળવા લાયક સંતવાણી સાંભળવા માટે જરીએ ઉત્સુકતા નહીં બતાવીએ એનો દોષ કોના માથે મૂકાય? આપણું મન તો એવા અયોગ્ય કામો કરી તરત ખસી જાય. પણ તેનાં પરીણામો કોને ભોગવવા પડે ? ઇંદ્રિયો તો પ્રત્યક્ષ શરીરધારી આત્માના નોકરો છે પણ એજ નોકરો આપણા વાંદરા જેવા વિચિત્ર મનનેજ માલેક સમજી તેની આજ્ઞા પાલન કરે અને સાચો માલેક જે આત્મા તેની ઉપેક્ષાજ કરી મૂકે એ કેવો ન્યાય ? છતાં આપણે એને જ સ્વરાજ્ય ગણી બેસીએ એ કેવી દશા! વાહરે સ્વરાજ્ય! આપણે આપણા સર્વસ્વના માલેક છીએ એવી ડંફાસ શા કારણે હાંકો છો ?

કામ, ક્રોધ, માયા, લોભ, અહંકાર, ઈર્ષા, મોહ, રાગ, દ્વેષ એ બધા તમારા વિશુદ્ધ અને નિર્વિકાર એવા સ્વરાજ્ય ભોગવતા આત્માના શત્રુઓ છે એ વસ્તુની શું તમને ખબર નથી? તમારા સ્વરાજ્યમાં એ બધાઓ નિત્ય નવા તકરો રચી ધીંગાણું કરી રહ્યા છે એ શું તમે નથી જોઈ શકતા ? ચોરોએ રાજ્યકર્તા થઈ તમને એક બાવલા જેવા કરી મૂક્યા છે એ સમજ તમને ક્યારે આવશે?

આવું પોલં પોલ સ્વરાજ્ય તમારૂં શ્રેય શી રીતે કરી શકશે? તમારો સાચો હિતશત્રુ હોય તો તે તમારૂં મન જ છે. એ ઓળખી લ્યો. તે મન ઉપર તમારો કબજો કરો. તો જ તમારૂં હિત સધાય તેમ છે. એ મનને તાબે કરી તમારૂં પોતાનું હિત સાધવું એ ઘણું મુશ્કેલ કાર્ય થઈ પડ્યું છે. પણ તેને તાબે કર્યા વિના ચાલે તેમ નથી. માટે ધીમે પણ મક્કમપણે એ કામ અત્યારે જ તમારે ચાલુ કરવું પડશે. હિંમત હારવાથી કાર્ય સધાશે નહીં. **कार्यं वा साधयेत् देहं वा पातयेत्** અંતે જય તો તમારો જ છે!

# સમાજસેવાનો માર્ગ

લેખક: આલ્બર્ટ સ્વીત્ઝ

(શાંતિ માટે નોબલ પારિતોષિક મેળવનાર આ યુગના એક વિખ્યાત મનીષિના આપણને સહુને સ્પર્શતા ઉદ્‌ગારો)

'કરવાનું તો ઘણુંય મન છે, લોકસેવા માટે મનમાં ખૂબ ઝંખના રહ્યાં કરે છે, પણ શું કરું? મારા પોતાના જ કામનો એવો બોજો માથે છે કે દમ લેવાનોય વખત મળતો નથી અને કામમાંથી એવી ફુરસદ પણ ક્યાં મળે છે કે બીજા માટે કાંઈક કરી શકાય?' આવાં આવાં વચનો લોકોનો મ્હોંએ આપણે અવાર નવાર સાંભળીએ છીએ અને એમની આ અસહાયતા સમજીને એમની તરફ સહાનુભૂતિ દાખવીએ છીએ પણ હકીકતમાં એ લોકો શું સાચે જ સહાનુભૂતિને પાત્ર હોય છે? ખરેખર જ કામનો બોજો શું માણસને માથે એટલો બધો હોય છે કે તે સેવા કરવાની જરાય તક જ ન આપે?

હું એવું નથી માનતો. કોઈપણ માણસ એટલો રોકાયેલો તો નથી જ હોતો કે આખા દિવસમાં, કંઈ નહિ તો છેવટે એક માણસને પણ મદદ ન કરી શકે. રોજ રોજ એવા અનેક પ્રસંગો આપણી સામે ખડા થાય છે, જેમાં આપણે સમાજસેવાનું કંઈક કામ કરી શકીએ. સમાજસેવાનાં આ કામો માટે કોઈ વિશેષ સમય આપવાની જરૂર પડતી નથી કે કશી માથાકૂટ કરવાની પણ જરૂર પડતી નથી. જરૂર છે માત્ર એ પૂરતી ઇચ્છાની.

## હાર્દિક પ્રસન્નતા

ધારો કે તમે કોઈક જરૂરના કામે જાઓ છો

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઇએ માર્ગમાં તમને પૂછ્યું કે ઇસ્પિતાલ અથવા સ્ટેશનનો રસ્તો કયો છે. તમે કશી વધારાની મહેનત વિના એને મદદ કરી શકો છો. રસ્તામાં કોઇ વ્યક્તિ પોતાનો બોજ ઉપડાવવા માટે કોઇ મદદ કરનારની રાહ જોતી હોય ત્યારે તમે એને મદદ કરી શકો છો. એના બોજને ટેકો દઇ માથે ચડાવી શકો છો. કોઇ માણસને ટિકિટ ખરીદવામાં થોડાક પૈસા ખૂટતા હોય તો તમે એને કામ આવી શકો છો. આવી જાતની કેટલીય તકો આપણે માટે ડગલે ને પગલે રાહ જોતી હોય છે. પણ આપણે એને કશું મહત્ત્વ ન આપતાં, સમાજસેવાના એવા કામ ભણી નજર માંડીએ છીએ જેને માટે કદીક આપણી પાસે સમય નથી હોતો, કદીક એ માટે જરૂરી પૈસા નથી હોતા કે કદીક એ માટે આવશ્યક એવી આવડત ને કુશળતા નથી હોતાં.

કોઈ માણસને તમે નાની શી મદદ કરો અને જુઓ તમને કેટલો આનંદ થાય છે ! તમે તમારી પોતાની જ નજરમાં કેટલા ઊંચા બની જાઓ છો આ હાર્દિક પ્રસન્નતા અનિર્વચનીઓ હોય છે અને પૈસાથી કે ધનદોલતથી એનું મૂલ્ય આંકી શકાતું નથી. આ નાનાં નાનાં કામો તમારે માટે આનંદની સૃષ્ટિ રચી દે છે. જેને તમે મદદ કરો તેને માટે વરદાન જેવા સિદ્ધ થાય છે અને એ ઉપરાંત એક મોટું કામ એ થાય છે કે તમે સમાજનું તેમ જ રાષ્ટ્રનું ચારિત્ર્ય પણ ઉન્નત કરો છો, ને સાથે તમારું પોતાનું પણ.

**ચારિત્ર્ય—ઉત્કૃષ્ટતાની ન ભૂંસાય તેવી છાપ**

અહીં ભારતની એક એવી જ સમાજસેવા સંબંધી ઘટનાનો ઉલ્લેખ કરીશ. જેણે ભારતીય ચારિત્ર્યની ઉત્કૃષ્ટતાની એક ન ભુંસાય તેવી છાપ અન્ય દેશવાસીઓનાં મન પર પાડી છે. એ વખતે ભારતમાં અંગ્રેજી શાસન હતું. પણ ભારતની લેજિસ્લેટિવ કાઉન્સિલના અધ્યક્ષ શ્રી વિઠ્ઠલભાઈ પટેલ એક ભારતીય હતા. એક દિવસ એક અંગ્રેજ દંપતી કાઉન્સિલ જોવા ગયા. પણ અજાણ્યાં હોવાને કારણે તેઓ કંઈક મુંઝવણ અને હેરાનગતિ અનુભવી રહ્યાં હતાં એક સીધા સાદા ભારતવાસીએ એમની આ મુંઝવણ ઓળખી અને પોતાની સાથે તેમને લઈ જઈને બધું બતાવ્યું. બીજે દિવસે, એ દંપતીએ પ્રેક્ષકોની ગેલેરીમાંથી જોયું તો એ જ ભારતીય જુવાન કાઉન્સિલના અધ્યક્ષસ્થાને બિરાજમાન હતો. આ ઘટનાએ તેમના પર કેવો ઊંડો પ્રભાવ પાડયો હશે ?

વસ્તુતઃ લોકસેવાની જેમને સાચેસાચ ઇચ્છા હોય છે તેમનામાં અહંકાર નથી હોતો અને જેમનામાં અહંકાર હોય તે સાચો લોકસેવક બની શકતો નથી. આજે આપણને જે સ્થિતિ દેખાય છે—ખાસ કરીને શહેરોમાં—તેમાં સમાજસેવા જેવી કોઇ ભાવનાનું દર્શન થતું નથી. કહેવા ખાતર તો બધા જ લોકો પોતાને સમાજસેવક કે સમાજસેવાના ચાહક કહેવડાવે છે. પણ હકીકતમાં સમાજસેવા એટલે શું તેની તેમને ખબર નથી હોતી. એનું એક મુખ્ય કારણ એ છે કે તેમની આંખો ઉપર અહંકારનું આવરણ છવાયેલું હોય છે. એક ઉજળાં કપડાં પહેરેલો માણસ, કોઈ ગરીબની વસ્તુઓ રસ્તામાં વેરાઇ જાય ત્યારે એને એકઠી કરવામાં એને મદદ કરતો નથી. પણ પોતાની બરોબરીના અથવા પોતાનાથી ઉચ્ચ વર્ગના લોકોના સંબંધમાં આવી ઘટના બને તો તે તરત મદદ કરવા તૈયાર થઇ જાય છે. આ દૃષ્ટિકોણ સમાજસેવાના મૂળ ઉદ્દેશ પર પ્રહાર કરનારો હોય છે.

**સમાજસેવાનો અધ્યાત્મ સાથે સંબંધ**

સમાજસેવાનો સંબંધ અધ્યાત્મ સાથે છે, નિઃસ્વાર્થ ભાવથી બીજાની સેવા કરવામાં જે આત્મસંતોષ મળે છે, તે વ્યક્તિનો આધ્યાત્મિક વિકાસ કરે છે. એ વાત તો સ્પષ્ટ જ છે કે જે લોકો ભેદભાવની નીતિ રાખે છે, તેમના હૃદયની કલુષિતતા નાશ પામતી નથી અને તેઓ પૂર્ણ આધ્યાત્મિક ઉન્નતિથી વંચિત રહી જાય છે. આથી જ કહેવાય છે કે સાચા હૃદયથી કરવામાં આવેલી એક ક્ષણની સમાજસેવાનું મહત્ત્વ, બે મહિના સુધી કોઇએ કરેલી સમાજસેવાથી જરા યે ઉતરતું નથી. કારણ કે તેનાથી જેટલું થાય તેટલું ઓછું કે વધારે કામ તેણે કર્યું પણ હૃદયની શુદ્ધતા તો બંનેમાં ઓછું કરનારમાં તેમજ વધારે કરનામાં એક સરખીજ રહી. આથી ઊલટું, દેખાવ ખાતર કરવામાં આવેલી સમાજસેવાનું કશું જ મહત્ત્વ હોતું નથી. પછી ભલે તે વર્ષો સુધી કરવામાં આવે. કારણ કે તેમાં ત્યાગ તથા લોકોપકારની ભાવના નિઃસ્વાર્થતાના માર્ગ પર ગતિ કરતી નથી. ક્રમશઃ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉદ્‌ઘાટન સમારંભ

શ્રી ભાવનગર જૈન શ્વે૦ તથા સંઘ સંચાલિત શ્રી આણંદજી પરસોતમ સાવજનિક દવાખાના સાથે જોડાયેલ. શ્રી દુલભજી મૂળચંદ પેથોલોજી વિભાગનું ઉદ્‌ઘાટન. તા–૬–૫–૬૨ ના શ્રી મનુભાઈ ગુલાબચંદ કાપડીયાના હસ્તે થયું હતું આ અંગે એક સમારંભ શ્રી કૃષ્ણકુમારસિંહજી ટાઉન હોલમાં યોજાયો હતો. તેનું પ્રમુખસ્થાન શ્રી જગુભાઈ પરીખે લીધું હતું, આ સમારંભમાં માનનીય ગૃહપ્રધાન શ્રી રસિકભાઈ પરીખે પણ હાજરી આપી હતી.

શરૂઆતમાં દવાખાનાના ટ્રસ્ટી શ્રી ભોગીલાલ મગનલાલ શાહે દવાખાનાની વિગતો રજુ કરી ભવિષ્યમાં જનતાના સહકારથી ઘણું વિકસાવવાની આશા વ્યકત કરી હતી. ત્યારબાદ શ્રી કાન્તિલાલ જ. દોશીએ દવાખાનાનો ટૂંક અહેવાલ રજુ કર્યો હતો. અને મધ્યમ વર્ગને વધુ ને વધુ ઉપયોગી થવાનો સમિતિ અને ટ્રસ્ટીઓનો આદેશ છે એ વાત તરફ લક્ષ ખેંચ્યું હતું. ત્યાર બાદ શ્રી ભાઈચંદભાઈ વકીલે પેથોલોજી વિભાગ માટે દાન આપનાર શ્રી દુર્લભજી મૂળચંદના સુપુત્રોનો પરિચય આપી દાન આપવા માટે અભિનંદન આપ્યા હતા. અને ઉદ્‌ઘાટન કરનાર શ્રી મનુભાઈ કાપડીયાનો પરિચય આપતા શ્રી આણંદજી પરશોત્તમના કુટુમ્બે કરેલી સેવાઓનો ઉલ્લેખ કર્યો હતો. આ સંસ્થાના ભાવિ વિકાસ માટે પણ સૌનો સહકાર માગ્યો હતો, પછી દાતા શ્રીલખમીચંદ ભાઈએ આવા કાર્યો કરવાની વધુ તક મળે એવી ભાવના વ્યકત કરી હતી શ્રી સંઘના ઉપપ્રમુખ શ્રી ખીમચંદભાઈએ સંસ્થાના ટ્રસ્ટીઓ સંચાલન સમિતિને પ્રેરણા આપતા શબ્દો કહી જૈન સમાજને આવા શુભ કાર્યમાં સહાય આપવા વિનંતિ કરી હતી.

ત્યાર પછી શ્રી મનુભાઈ કાપડીયાએ પેથોલોજી વિભાગનું ઉદ્‌ઘાટન જાહેર કરતા જૈન સમાજને માંદગી રાહત અને શિક્ષણ ક્ષેત્ર તરફ વધારે ધ્યાન આપવાની જરૂરીઆત ઉપર ભાર મૂકી વધારે વ્યવસ્થિત રીતે ધન આપવા અપીલ કરી હતી અને સંસ્થાના ડોકટર સાહેબને જનતાની ચાહના મેળવવા બદલ અભિનંદન આપ્યા હતા. ત્યાર પછી પ્રમુખશ્રીએ શ્રી મનુભાઈના શબ્દો ઉપર લક્ષ આપવા જણાવ્યું હતું અને સંચાલન સમિતિ ટ્રસ્ટીઓને દવાખાનું વિકસાવવામા સહકાર આપવા જનતા ને જણાવ્યું હતું.

પ્રમુખશ્રીના પ્રવચન દરમીયાન ગુજરાત રાજયના માનનીય ગૃહપ્રધાનશ્રી આવી પહોંચ્યા હતા. તેમણે શ્રી જગુભાઈની વિનંતીથી બે મીનીટ પ્રવચન કર્યું હતું. અને સંસ્થા માટે શુભેચ્છાઓ દર્શાવી હતી.

# વર્ષિતપ

પ્રસિદ્ધવક્તા મુનિરાજ શ્રી ભુવનવિજયજીની નિશ્રામાં આ સભાના પેટ્રન તથા એક આગેવાન સુખી ગૃહસ્થ શ્રી સાકરલાલ ગાંડાલાલના વર્ષિતપના પારણા નિમિત્તે વરતેજમાં એક ભવ્ય મહોત્સવ ઉજવાયો હતો. આ પ્રસંગે અઠ્ઠાઈ મહોત્સવ પણ કરવામાં આવ્યો હતો તથા પૂજા ભાવના માટે મુંબઈથી સુપ્રસિદ્ધ સંગીતકાર શાંતિલાલ શાહ તથા માસ્તર વસંતને તેડાવવામાં આવ્યા હતા. મહોત્સવની પૂર્ણાહુતિ વખતે ભવ્ય રથયાત્રાનો વરઘોડો ચડાવવામાં આવ્યો હતો અને બહારગામથી પધારેલાં તેમજ ગામનાં ધાર્મિક ભાઈ બહેનોનું સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Atmanand Prakash Regd. No. G 49

# રાષ્ટ્ર

રાષ્ટ્ર એ કંઈ વ્યક્તિઓનો શંભુમેળો નથી. ચિત્ત વ્યાપાર, અને હૃદયનું મિલન વગેરે પર રચાયેલ એ એવો સમાજ છે, રાષ્ટ્ર માટે અને ખાસ કરી આપણા રાષ્ટ્ર માટે જે મહાન ચિરંજીવી વસ્તુઓનું મૂલ્ય છે તે છે જ્ઞાનનાં શિખરો પ્રેમ અને બલિદાન, જે ચાલીસ સદીઓથી આપણને વારસામાં મળતાં આવ્યા છે. આપણા હૃદયમાં જ્યાં સુધી આ મહાન શિખરોનુ પ્રતિબિંબ છે ત્યાં સુધી આપણું ભાવિ સલામત છે. કારણ કે પૃથ્વી ડગમગે તોય આ શિખરના પાયા ધ્રુજી ઊઠતા નથી. જેમણે આ દેશને ઘર બનાવ્યો છે તેવા સૌ માટે ભારત સદીઓથી માતા બની રહ્યું છે અને પ્રત્યેક બાળકને મા એની જરૂરિયાત પ્રમાણે સુખ અને આરામ અર્પે છે તેમ ભારતે તેમને બૌદ્ધિક સમૃદ્ધિ અને આધ્યાત્મિક શાતા બક્ષ્યાં છે. સૌ વિવિધ છે પણ વિવિધ જ ઐક્યની ભૂમિકાપર જોડાણ પામે છે. લોકશાહીને આપણે રાજકીય વ્યવસ્થા તરીકે જ નહિ પણ એક નૈતિક ભાવના તરીકે સ્વીકારીએ છીએ.

આર્થિક ન્યાય સિવાય સમાનતા ન હોય તે આપણે સ્વીકારીએ છીએ. ભૂતકાળમાં આપણે ભૂલો કરી છે. અને દુઃખી થયા છીએ. હવે એ ભૂલો સુધારવા મથવું જોઈએ. આજનું વિશ્વ ભિન્ન છે. ટેક-નીકલ ઉત્ક્રાંતિ સાથે આપણે કદમ મીલાવવાના છે. એજ પ્રગતિ છે. સર્વસત્તાધીશ રાષ્ટ્રનું રાજ્ય એ હવે પુરાણી વાત છે. કેંક મૂલ્યો અને આકાંક્ષાઓ સૌની મજિયારી મૂડી બન્યાં છે વિજ્ઞાન અને ટેકનો-લોજીના ચમત્કારો સારીયે માનવજાત માટે સારા અને મુક્ત જીવનની શક્યતા ઓ ઊભી કરે છે. આપણે એક એવો વિશ્વ સમાજ રચીએ કે જે રાષ્ટ્રીય મૂલ્યોની રક્ષા કરે અને વિશ્વ સલામતી જાળવે.

શ્રી રાધા કૃષ્ણન

પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભાવતી
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ, આનંદ પ્રિન્ટીંગ પ્રેસ–ભાવનગર.

For Private And Personal Use Only